સત્સંગ
ગુજરાતમિત્ર તથા ગુજરાતદર્પણ

# આ વખતે દીપોત્સવ પર્વને યાદગાર બનાવીએ

**સંસ્કૃતિ દર્શન**
**સનત દવે**



નવરાત્રિ, દશેરા, શરદ-પૂનમ જેવા તહેવારોનો આનંદ માણ્યા પછી દીપાવલી મહોત્સવના આગમનને વધાવવા પરિવારના સભ્યો ઘરની સાફસફાઈ અને સજાવટમાં લાગી ગયા હશે. વડીલો દિવાળીના બજેટના એડજેસ્ટમેન્ટમાં હશે તો યુવા-યુવતીઓ નવાં પરિધાનો ખરીદવાનું લિસ્ટ બનાવતાં હશે. બાળકો ફટાકડા અને મિઠાઈની પ્રતીક્ષા કરતાં હશે તો ગૃહિણીઓ પ્રસંગને વધુ રોચક બનાવવાનું અઘરું ગણિત ગણવામાં મશગુલ હશે. જો કે આનંદના દીપોત્સવી પર્વને મનાવવા સૌ કોઈ પોતાની રીતે તૈયારી કરી રહ્યાં હશે. સનાતનીઓના આ મહાપર્વની ઉજવણીમાં તો શહેર, રાજ્ય અને દેશના પ્રશાસકોનું પણ યોગદાન રહેતું હોય છે. વિશેષ કરીને શહેરોના મુખ્ય રસ્તાઓ, જંકશન, ચોક અને બ્રીજ પર લાઈટીંગ, તોરણો અને ધ્વજા-પતાકા સાથેના સુશોભન સાથે પ્રજાની સુરક્ષા પર પણ ધ્યાન આપતા પ્રશાસકોની આ મહાપર્વમાં ઘણી જવાબદારીઓ વધી જતી હોય છે. આ એક એવું પર્વ છે કે ખૂબ આનંદ સાથે ખર્ચ કરતા હોઈએ છીએ તો અધિક આવક સાથે આનંદ પણ મળતો હોય છે. મધ્યમ વર્ગ, ઉચ્ચ મધ્યમ વર્ગ કે ધનિક લોકો પર્વને ખૂબ ખુશીથી ઉજવતા હોય છે પણ ગરીબી રેખા હેઠળ જીવતાં લોકો માટે ઉજવણી કષ્ટદાયક હોય છે. જો કે એ પરિસ્થિતિ દરેક ધર્મના, દરેક સમાજ માટે સરખી જ હોય છે.

દિવાળી પ્રકાશનું પર્વ છે. કૃષ્ણ પક્ષની અંધારી રાતો પણ દીવાઓના પ્રકાશથી ઝળહળી ઊઠે છે. ઉત્તર પ્રદેશમાં વારાણસીનો ગંગાઘાટ અને અયોધ્યાના સરયૂ તટ આ તહેવારોમાં લાખો દીવાઓના પ્રકાશમાં દૈદિપ્યમાન લાગતો હોય છે અને આ યાત્રાધામોના વિશિષ્ટ સ્વરૂપના દર્શને દેશભરમાંથી લાખો લોકો ઉમટી પડતા હોય છે. ઉત્તર પ્રદેશ ગોકુળ, મથુરા, વૃંદાવન જેવાં અનેક યાત્રાધામોથી પ્રસિધ્ધ રાજ્ય છે. અહીં તહેવારોમાં આનંદ જ કંઈક ઓર હોય છે. અન્ય રાજ્યો-પ્રદેશોમાં થતી દિવાળીની ઉજવણી આ સાથે સંક્ષિપ્તમાં જોઈએ તો પશ્ચિમ બંગાળમાં દિવાળીના દિવસે કાલીપૂજા અથવા તો શ્યામા પૂજા કરવાનો રિવાજ છે. અહીં મહાકાલીની પૂજા બાદ મીઠાઈ, કઠોળ, ચોખા અને માછલી અર્પણ કરતા હોય છે. કાલીપૂજાના એક દિવસ પહેલાં ચતુર્દશીએ લોકો ઘરોમાં 14 દીવાઓ પ્રગટાવીને દુષ્ટ શક્તિઓને દૂર રાખવા ભૂત ચતુર્દશીની વિધિ પણ કરતાં હોય છે. ઓડિશામાં લોકો દિવાળીના અવસરે કૌરિયા કાઠી નામની પરંપરાગત ધાર્મિક વિધિમાં પૂર્વજોને યાદ કરી તેના આશીર્વાદ મેળવે છે. આ વિધિમાં લોકો શણની સૂકી લાકડીઓ ભેગી કરી કપડાથી લપેટી ઉપર ઘી લગાવી પ્રગટાવી આકાશ તરફ લહેરાવે છે. જગન્નાથપુરીના સિંહદ્વાર પાસે હજારો લોકો ભેગા થઈને આ રીતે ઉજવણી કરતા હોય છે ત્યારે એ દૃશ્ય ખૂબ જ મોહક લાગતું હોય છે. જો કે દિવાળીના પર્વે અહીં ગણપતિજી, લક્ષ્મીજી તથા મહાકાળી માતાની પણ પૂજા થાય છે.

મહારાષ્ટ્રમાં પ્રકાશના પર્વની ઉજવણી વસુ બારસથી જ થઈ જતી હોય છે. બારસે ગાયની પૂજા, તેરસે આરોગ્યના દેવ ધન્વંતરીની અને દિવાળીના દિવસે લક્ષ્મીજીની પૂજા કરતા હોય છે. બીજે દિવસે પડવાને દિવસે મરાઠીઓમાં પત્ની પતિની આરતી ઉતારે છે તો પતિ પત્નીને ઉપહાર આપે છે જે આપસી પ્રેમ અને સમર્પણના પ્રતીકરૂપ હોય છે. ગોવામાં ભગવાન કૃષ્ણને સમર્પિત કરીને દિવાળી ઉજવવાનો પ્રારંભ થાય છે. નરક ચતુર્દશીએ નરકાસૂર રાક્ષસના વિશાળ પૂતળાનું અહીં દહન કરાય છે. તમિલનાડુમાં લોકો પરંપરાગત રીતે આ પર્વ પર તલના તેલનું સ્નાન કરીને પછી નવાં વસ્ત્રો પરિધાન કરે છે. શીખ ધર્મના છઠ્ઠા ગુરુ હરગોવિંદ સાહેબને મુગલ બાદશાહ જહાંગીરે ગ્વાલિયરની જેલમાંથી દિવાળી પર ઈ.સ. 1577માં મુક્ત કરેલા તેથી પંજાબમાં મુક્તિદિન તરીકે પણ ઉજવણી થાય છે. જો કે એ જ દિવસે મુક્ત થયેલા ગુરુ હરગોવિંદ સાહેબે અમૃતસરમાં ઐતિહાસિક સુવર્ણ મંદિરનો પણ શિલાન્યાસ કરેલ એટલે આ દિવસનું પંજાબીઓ માટે અધિક મહત્ત્વ છે. નવાં વસ્ત્રો પહેરવાં, ફટાકડા ફોડવા અને ઘીના દીવા પ્રગટાવી ઉજવણી કરવાની અનોખી પરંપરા છે. જો કે દેશનાં દરેક રાજ્યોમાં દિવાળીની ઉજવણીમાં બહુ થોડો ફેરફાર હોય છે. આપણે ત્યાં તો દિવાળી પછીનો પડવો એટલે બેસતું વર્ષ એ વિશિષ્ટ તહેવાર છે કારણ કે વિક્રમ સંવત મુજબ











આપણે ત્યાં નવું વર્ષ કારતક સુદ એકમથી પ્રારંભ થાય છે. બાકી નવાં વસ્ત્રો પહેરવાં, મીઠાઈઓની આપ-લે, ફટાકડા ફોડવા, રંગોળીથી આંગણાં સજાવવાં, લાઈટીંગ, કંદીલ કે ધ્વજાપતાકા સાથે ઘર, મહોલ્લા, શણગારવા જેવી કેટલીક બાબત દેશમાં સર્વત્ર કોમન જણાય છે.

દિવાળીને હજુ 15 દિવસની વાર છે ત્યારે આ લેખ આટલો વહેલો આપવા માટે એક કારણ એ પણ હોય શકે કે આ વખતના દિવાળી પર્વને આપણે વિશેષ યાદગાર બનાવવું હોય તો શું કરી શકાય તેની પૂર્વ તૈયારી સમજવા માટેનું થોડું આલેખન આગોતરું અપાયું છે. દિવાળી પર્વ એ માત્ર પૈસાનો વ્યય છે, ફટાકડાથી વાતાવરણ પ્રદૂષિત થાય છે. આવું બધું કહેવાવાળા અને લખવાવાળા ચિંતકો અને ટીકાકારો આ સમયમાં ગમે ત્યાંથી ફૂટી નીકળશે. અહીં આગળ પણ એવું થોડુંક આવશે પણ પારંપારિક સનાતની મહાપર્વનું સમ્માન જાળવીને એ વિષયે આગળ વધીશું.

સનાતન ધર્મમાં ઋષિઓએ પંચ મહાયજ્ઞને પ્રાધાન્ય આપ્યું છે (1) દેવયજ્ઞ (2) ઋષિયજ્ઞ (3) પિતૃયજ્ઞ (4) મનુષ્યયજ્ઞ અને (5) ભૂતયજ્ઞ. આ પાંચ સૂત્રોને આપણે દિવાળીની ઉજવણી સાથે જોડીને સમજીશું તો ઘણું બધું સ્પષ્ટ થઈ જશે. (1) દેવ યજ્ઞઃ સામાન્ય રીતે આપણા તહેવારો ધાર્મિકતા સાથે જ જોડાયેલા હોય છે. તહેવારોમાં ગણેશજી, લક્ષ્મીજી, વિષ્ણુ, ધન્વન્તરી, કાલી વગેરે દેવદેવીઓની પૂજાવિધિ થશે અને દરવાજે ફૂલોનાં તોરણ, ટોડલે દીવા અને આંગણે રંગોળી પણ સજાવાશે. તો પર્વમાં ઘરને વધુ સુશોભિત કરવાની સરળતા શોધવાની સાથે દરવાજે ચાઈનાના ખોટા ફૂલનાં તોરણો લટકાવવાં નહિ પણ સાચાં ફૂલોનાં તોરણ ટાંગજો, લાઈટવાળા પ્લાસ્ટિકનાં કોડિયાંને બદલે કુંભારના લાલ માટીના કોડીયે દીવા પ્રગટાવજો અને તૈયાર પ્લાસ્ટિક રંગોળી ચીપકાવવાને બદલે કરોઠીની મનભાવન રંગોળીનો સાથિયો પાડજો એથી ફૂલવાળો માળી, કુંભાર અને કરોઠી વેચતા ફેરિયાને આપણે આર્થિક રીતે ઉપયોગી થશું.

(2)ઋષિયજ્ઞઃ આપણા ઋષિ-મુનિઓ નિઃસ્વાર્થભાવે જ્ઞાનનો વ્યાપ કરતા કે જનકલ્યાણના કાર્યો કરતા. હવે આપણું જ્ઞાન પુસ્તકોમાં રહેલું છે તો ઘર સફાઈમાં પુસ્તકો પસ્તીમાં નહીં પણ લાઈબ્રેરીમાં કે જરૂરિયાતમંદ વિદ્યાર્થીઓને આપશો તો એથી દિવાળીના દીવા કરતાં પણ વધારે અજવાળું ફેલાવશે.

(3) પિતૃયજ્ઞઃ આપણે પિતૃઓની શાંતિ માટે શ્રાદ્ધ કરીએ છીએ પણ દિવાળી પર્વે કેટલાંક એવાં વડીલો માટે આપણે કાર્ય કરીએ કે પિતૃયજ્ઞ જેટલો સંતોષ આપણને મળે. આજુબાજુમાં એકલા રહેતા વડીલોને મળીએ, એમની સાથે બેસીએ, વાતો કરીએ કે ગામના કોઈ વૃધ્ધાશ્રમમાં જઈને થોડો સમય એમની સાથે વિતાવીએ, રસ્તામાં વૃધ્ધ, અશક્ત વ્યક્તિને આર્થિક કે કોઈ પણ જાતની મદદ કરીએ. એમાં પિતૃયજ્ઞ જેટલું પુણ્ય મળશે.

(4) મનુષ્યયજ્ઞઃ સૌથી મહત્ત્વનો અને આપણે સંકલ્પ કરી શકીએ તેવો આ યજ્ઞ ગણાય, શહેરમાં, ગુજરાતમાં કે દેશમાં કેટલીય એવી સંસ્થાઓ છે જે ભૂખ્યાને ભોજન આપે છે. છતાંયે આવી સંસ્થાઓથી વંચિત ભૂખ્યાજનોને આપણે જોતાં હોઈશું જ.. દીપાવલીના તહેવારોમાં મિત્રો-સ્નેહીઓ સાથે મળી એવું ગૃપ બનાવો કે જે ભલે કાયમ નહિ પણ તહેવારોમાં ભિક્ષુકો કે ભૂખ્યાજનો સુધી ભોજન પહોંચાડવામાં તમને મદદરૂપ રહે. કોઈ ના મળે તો આપણે એકલા પણ અન્નદાનનું કાર્ય કરીએ શકીએ જ. બીજું શ્રમદાનનું કાર્ય કરીએ. દિવાળીના દિવસોમાં ઘર સફાઈમાંથી કચરો નીકળે કે લાખોના ફૂટેલા ફટાકડાનો કચરો હોય તેને નિકાલ કરવાવાળા કોર્પોરેશનના માણસો છે જ પણ આપણે ગૃપમાં ભેગા મળી એવો કચરો મોટી વેસ્ટબેગમાં ભરી રાખીને કોર્પોરેશનની ગાડીવાળાને આપી દઈએ તો થોડી એમને રાહત થશે અને એના અંતરના આશીર્વાદ આપણા જીવનમાં ચોક્કસ સકારાત્મકતા લાવશે. બીજી એક મહત્ત્વની વાત જો તમે સુરતમાં રહેતાં હો તો તમારી ઘરસફાઈ દરમ્યાન નીકળતા જૂના કંપાસ, નોટબુક, ચોપડાઓ, જૂનાં રમકડાંઓ, જૂનાં કપડાંઓ, બગડેલી ઈલેક્ટ્રોનિક્સ આઈટમો કે એવું ઘણું બધું હોય શકે તે થોડા પૈસાની લાલચમાં ભંગારવાળાને નહિ આપતા નજીકના SMC સિવિક સેન્ટર, વોર્ડ ઓફિસ, SMCના કલેક્શન સેન્ટર કે કોમ્યુનિટી હોલ સુધી જઈને આપી આવો. સુરત મ્યુ. કોર્પોરેશનનું આ એક જાણીતું અભિયાન છે ‘‘ખુશીનો પટારો’’.., તેમાં આવેલી વસ્તુઓ ગરીબ અને જરૂરિયાતમંદોને આપવામાં આવે છે. આ એક પ્રકારનું ઈનડાયરેક્ટ ડોનેશન છે. ગયા વર્ષે ત્રણ લાખ પરિવારોને રમકડાં, ચોપડા અને જૂનાં કપડાં પહોંચાડાયાં હતાં. તો તમે વધુ વિગત જાણવા માંગતા હો તો મહાનગરપાલિકાની હેલ્પલાઈન 1800123800 અથવા 0261 2423750 પરથી માહિતી મેળવી શકો છો. તમારી નકામી વસ્તુ ‘ખુશીના પટારા’ થકી કોઈ જરૂરિયાતમંદને ઉપયોગી થશે તો તમને ગુપ્તદાનનું પુણ્ય મળશે. અંતિમ પંચયજ્ઞનો એક બાકી રહે છે. (5) ભૂત યજ્ઞઃ- પ્રકૃતિ અને જીવને સ્પર્શતાં આ યજ્ઞ માટે આપણે સંકલ્પ લઈ શકીએ કે બહુ મોટા અવાજવાળા ફટાકડા નહી ફોડું. તેનાથી અવાજ પ્રદૂષણનો મુદ્દો નથી પણ પશુ-પક્ષીઓને એનાથી અભયદાન મળે છે.

કેટલીક ધાર્મિક માન્યતા મુજબ દીવા પ્રગટાવી નદીમાં વહેતાં મૂકીએ છીએ તેના બદલે નદીના જળપ્રદૂષણ ધ્યાનમાં રાખીને નદીના કાંઠે દીવા પ્રગટાવીએ. આવા કેટલાક સરળ સંકલ્પ કે કાર્ય કરવાનું પ્લાનીંગ અત્યારથી થઈ શકશે તો આપણે પ્રગટાવેલ દીવો કેટલાંયના જીવનમાં અજવાળું કરશે. મતલબ, આપણી દિવાળી યાદગાર બની રહેશે.

> **સુરત મ્યુ. કોર્પોરેશનનું એક જાણીતું અભિયાન છે ‘‘ખુશીનો પટારો’’.., તેમાં આવેલી વસ્તુઓ ગરીબ અને જરૂરિયાતમંદોને આપવામાં આવે છે. આ એક પ્રકારનું ઈનડાયરેક્ટ ડોનેશન છે.**

# વિશ્વાસ-અવિશ્વાસ અને અંધવિશ્વાસ

**ઓશો વાણી**

એક વાત નિશ્ચિત માની લેવી જોઈએ કે વિશ્વાસથી વધુ આત્મઘાતક બીજી કોઈ વસ્તુ નથી. એક વાત ચોક્કસપણે સમજી લેવી જોઈએ કે વિશ્વાસ કરવો, અંધવિશ્વાસ આંખ બંધ કરીને ચૂપચાપ સ્વીકારી લેવો એ જ આપણા જીવનની આજ સુધીની પંગુતાનું મૂળભૂત કારણ રહ્યું છે પરંતુ બધા લોકો કહે છે “વિશ્વાસ કરો” હા, તેઓ એટલું જરૂર કહે છે “બીજા પર વિશ્વાસ ન કરો, મારા પર કરો.” તેઓ એટલું જરૂરથી કહે છે કે બીજાઓ પર વિશ્વાસ ન કરો કારણ કે બીજા ખોટા છે, હું સાચો છું, મારા પર વિશ્વાસ કરો. હું તમને કહેવા માગું છું કે કોઈના પર પણ વિશ્વાસ કરવો ઘાતક છે અને તે તમારા જીવનને નુકસાન પહોંચાડશે. વિશ્વાસ નહીં, બિલકુલ પણ નહીં વિશ્વાસના આધાર પર જે ઊભું થશે તે અંધારી દુનિયામાં પ્રવેશ કરી રહ્યું છે અને તેના જીવનમાં ક્યારેય આંખો ઉઘાડનારો પ્રકાશ ઊતરી શકશે નહીં. તેના જીવનમાં ક્યારેય પ્રકાશ ઉપલબ્ધ થઈ શકશે નહીં જેણે બીજા પર વિશ્વાસ કરી લીધો છે તે ક્યારેય પોતાનો જાણવા માટે સમર્થ નહીં બની શકે તો હું શું કહી રહ્યો છું, તમે અવિશ્વાસ કરો? ના! અવિશ્વાસની પણ કોઈ જરૂર નથી પરંતુ આપણને એવો ખ્યાલ છે કે જ્યારે આપણે વિશ્વાસ નથી કરતા ત્યારે આપણે અનિવાર્ય રીતે અવિશ્વાસ કરીએ છીએ. આ બિલકુલ ખોટો ખ્યાલ છે. આ બંનેથી અલગ ચિત્તની એક અવસ્થા પણ છે જે વિશ્વાસ નથી કરતી અને અવિશ્વાસ પણ નથી કરતી કારણ કે અવિશ્વાસ પણ વિશ્વાસનું જ એક સ્વરૂપ છે. તે જે ‘ડિસ-બિલીફ’ છે પરંતુ તે પણ વિશ્વાસનું જ એક રૂપ છે. જ્યારે આપણે કહીએ છીએ, “હું ઈશ્વર પર વિશ્વાસ નથી કરતો” ત્યારે આપણે શું કહીએ છીએ? આપણે એ કહીએ છીએ કે આપણે ઈશ્વરના ના હોવા પર પણ વિશ્વાસ કરીએ છીએ. જ્યારે આપણે કહીએ છીએ, “અમે આત્મા પર વિશ્વાસ નથી કરતા” ત્યારે આપણે એ કહી રહ્યા છીએ કે આત્માના ન હોવા પર આપણે વિશ્વાસ કરીએ છીએ. વિશ્વાસ અને અવિશ્વાસ બંને એક જ પ્રકારની વસ્તુઓ છે તેમાં કોઈ ભેદ નથી. વિશ્વાસ પોઝિટિવ બિલીફ છે અને અવિશ્વાસ નેગેટિવ બિલીફ છે અને એ જ માણસ અંદરની જાળમાંથી મુક્ત થઈ શકે છે, જે શ્રદ્ધા અને વિશ્વાસ બંનેથી મુક્ત થઈ જાય છે - જે બીજાની તરફ જોવાની સમગ્ર દૃષ્ટિ અને ઈચ્છાથી મુક્ત થઈ જાય છે. જે આ વિચાર જ છોડી દે છે કે કોઈ બીજું મને સત્ય આપી શકે છે. જ્યાં સુધી મને એવો ખ્યાલ છે કે કોઈ બીજું મને સત્ય આપી શકે છે ત્યાં સુધી હું કોઈ ને કોઈ રૂપમાં બંધાઈ જઈશ, એકમાંથી છૂટીશ તો બીજાથી બંધાઈ જઈશ, બીજામાંથી છૂટીશ તો

> **જ્યાં સુધી તમે વિશ્વાસ કરો છો, ત્યાં સુધી તમે બંધનને આમંત્રણ આપો છો. ત્યાં સુધી તમે પોતાને જ કારાગૃહમાં જવાનું આમંત્રણ આપો છો અને ત્યાં સુધી તમે કોઈ ને કોઈ રૂપમાં ક્યાંક ને ક્યાંક બંધાયેલા રહેશો અને બંધાયેલો માણસ, બંધાયેલું મન વિચારોમાંથી કેવી રીતે મુક્ત થઈ શકે?**



ત્રીજાથી બંધાઈ જઈશ પરંતુ મારો બંધનથી છૂટકારો નહીં થઈ શકે અને એકમાંથી છૂટી બીજા સાથે બંધાઈ જવું હંમેશાં રાહત આપનારું હોય છે. એક વાત નક્કી છે કે જ્યાં સુધી માણસને વિશ્વાસ કરવા માટે કહેવામાં આવશે ત્યાં સુધી માણસનું શોષણ ચાલુ રહેશે. જ્યાં સુધી તેને બિલીવ કરવા માટે કહેવામાં આવશે ત્યાં સુધી માણસ શોષણથી મુક્ત થઈ શકશે નહીં પછી એ વિશ્વાસ કોઈનો પણ હોય. જ્યાં સુધી માણસને એવું કહેવામાં આવશે કે, “અમે જે કહીએ છીએ તેના પર વિશ્વાસ કરી લો અને જો વિશ્વાસ નહીં કરો તો દુઃખ પામશો અને વિશ્વાસ કરશો તો સુખ પામશો” જ્યાં સુધી આ યુક્તિ કામમાં લેવામાં આવશે ત્યાં સુધી માણસની અંદર વિચારોની જે જાળ ઊભી છે તેને તોડવાની હિંમત એકઠી કરવી ખૂબ મુશ્કેલ છે. આપણે પણ જીવનમાં એક વિશ્વાસ બદલીને બીજા વિશ્વાસ પર ચાલ્યા જઈએ તો તેનાથી કોઈ ફરક પડતો નથી. આપણા પ્રાણોની પરેશાની એવી જ રહે છે તેનાથી કોઈ ભેદ નથી પડતો. પ્રાણોની પરેશાનીનું કારણ એ છે કે તમે વિશ્વાસ કરો છો. જ્યાં સુધી તમે વિશ્વાસ કરો છો, ત્યાં સુધી તમે બંધનને આમંત્રણ આપો છો ત્યાં સુધી તમે પોતાને જ કારાગૃહમાં જવાનું આમંત્રણ આપો છો અને ત્યાં સુધી તમે કોઈ ને કોઈ રૂપમાં ક્યાંક ને ક્યાંક બંધાયેલા રહેશો અને બંધાયેલો માણસ, બંધાયેલું મન વિચારોમાંથી કેવી રીતે મુક્ત થઈ શકે? છૂટકારો ત્યારે થઈ શકે છે જ્યારે આપણે પાયાના પથ્થરને જ હટાવી દઈએ. વિશ્વાસ-બિલીફ-બધા વિચારોના જાળાની નીચે રહેલો પાયાનો પથ્થર છે. મનની સ્વતંત્રતા અને મનની મુક્તિ વિશ્વાસોને બદલવામાં નથી પરંતુ વિશ્વાસમાત્રથી મુક્ત થઈ જવામાં છે.

(ઓશોઃ ‘અંતરયાત્રા’ પુસ્તકમાંથી. સૌજન્ય : ઓશો ઈન્ટરનેશનલ ફાઉન્ડેશન, પૂના)

## || કૃષ્ણસ્તુ ભગવાન સ્વયમ્ || લેખાંક-૮૫

# ગોપાળ કૃષ્ણ

**અધ્યાત્મ દર્શન**
**અનુપ શાહ**



શ્રીકૃષ્ણ તથા બળરામે હવે પૌગંડ અવસ્થામાં પ્રવેશ કર્યો. આ અવસ્થા સાત થી દશ વર્ષ સુધીની કહેવાય છે. જયારે તેઓ નવ વર્ષના થયા ત્યારે એક દિવસ કનૈયો યશોદામૈયાને કહે છે કે, ‘મૈયા હું હવે મોટો થયો છું. હવે ગાયોને ચરાવવા હું લઈ જાઉં?’’ ત્યારે યશોદાજી લાલાને પ્રેમથી સમજાવે છે કે, “બેટા હજુ તું નાનો છે. તારાથી ગાયોને નહિ સંભાળાય. તું જરા મોટો થા, પછી સારું મુહૂર્ત જોઈને હું તને ‘ગોપાળ’ બનાવીશ.”( નોંધઃ અત્યાર સુધી ભગવાન વાછરડા ચરાવતા હતા એટલે ‘વત્સપાલ’ હતા)

એક દિવસ શાંડિલ્યઋષિ પધાર્યા ત્યારે યશોદાજીએ તેમને પૂછ્યું કે, “મારા લાલાના જન્માક્ષર જોઈને કહો કે તેને ગોપાળ બનાવવાનું શુભ મુહૂર્ત ક્યારે છે?”ત્યારે શાંડિલ્યઋષીએ ગણત્રી કરી કહ્યું કે, ‘કારતક માસમાં શુક્લ પક્ષની અષ્ટમી તિથિનો દિવસ આ શુભ મુહૂર્ત માટે યોગ્ય છે.’ (હાલમાં આ દિવસ આપણે ગોપાષ્ટમી તરીકે ઉજવીએ છીએ).

શાંડિલ્યઋષિની વાત કનૈયાએ સાંભળી અને આ શુભ મુહૂર્તની રાહ જોવાવા માંડી. આ દિવસ આવ્યો અને કનૈયાને તે દિવસે ખૂબ ઉતાવળ આવી. આગલા દિવસે તેમને બરાબર ઊંઘ પણ નહિ આવી. પ્રાતઃકાળમાં જ સ્નાન કરીને તૈયાર થઈ ગયા. શાંડિલ્યઋષિ આવ્યા એટલે તેમણે પહેલા ગણપતિજીનું અને ત્યાર બાદ ગાયોનું વિધિસર પૂજન કરાવ્યું. શ્રીકૃષ્ણે ગાયોની પ્રદક્ષિણા કરી. મા યશોદાને સાષ્ટાંગ પ્રણામ કર્યા. યશોદામૈયાની આંખમાં હર્ષના આંસુ આવી ગયાં.

લાલો પૂછે છે કે, “મા તું કેમ રડે છે?” ત્યારે યશોદાજી કહે છે કે, “બેટા, તું ગાયો ચરાવવા સવારે જઈશ અને સાંજે પાછો આવીશ, એટલે તારા મનોહર મુખના દર્શન મને ત્યાં સુધી નહિ થાય અને મને તો તને જોયા વગર એક પળ પણ ચેન પડતું નથી”.

અહીં વિવેચકો ખૂબ અગત્યનું તત્ત્વ સમજાવે છે કે ‘જયારે જીવની પણ આવી દશા થાય કે ઈશ્વરના મુખારવિંદના દર્શન કર્યા વગર એક પળ પણ ચેન નહિ પડે, ત્યારે જ ઈશ્વરનો સાક્ષાત્કાર થાય છે.’

હવે લાલજી, ‘ગોપાળ’ બની વનમાં જવાના હતા. તાપમાં આખો દિવસ ગાયો ચરાવવાના હતા માટે યશોદામૈયા લાલા માટે પગરખાં લઈ આવ્યાં. ત્યારે કનૈયાએ કહ્યું કે, “મારી ગાયો જો પગમાં પગરખાં નહિ પહેરે તો હું કેવી રીતે પહેરું?” જયારે યશોદાજીએ સમજાવ્યું કે, “બેટા ગાય તો પશુ છે.” ત્યારે કનૈયો કહે છે કે, “મા, ગાયો પશુ નથી. ગાયો તો સર્વની મા છે. ગાયોમાં દેવોનો વાસ છે અને હું તો ગાયોનો સેવક છું.” અહીં ગાયના મહાત્મ્યનું ભગવાન સુંદર વર્ણન કરે છે. ગાયોની કનૈયાએ જેવી સેવા કરી હતી એવી બીજું કોઈ કરી નહિ શકે. ગાયોને ખવડાવ્યા વગર તેઓ ખાતા નહોતા અને પહેલા પાણી પીવડાવ્યા વગર પોતે પીતા ન હતા.

આમ બાળકૃષ્ણ હવે વાછરડાઓને ચરાવવાનું છોડીને એટલે કે ‘વત્સપાળ’માંથી ‘ગોપાળ’ બની ગયા અને મોટા ગોવાળોની માફક વૃન્દાવનમાં ગાયો ચરાવવા માંડ્યા. હવે આપણે પણ ‘લાલજી’, ‘કનૈયો’ અને ‘બાળકૃષ્ણ’ એવું સંબોધન નહિ કરતા, ‘શ્રીકૃષ્ણ’ એવું સંબોધન કરીશું. ગોપાળ બનેલા શ્રીકૃષ્ણને ભ્રમરોના, પક્ષીઓના તથા મૃગોના કોમળ શબ્દોથી વ્યાપ્ત રહેતું, મહાત્માઓના ચિત્તો જેવા સ્વચ્છ તળાવોના શીતળ અને કમળની સુગંધવાળા પવનથી નિરંતર સેવાતું તથા ફળ, પુષ્પ તથા પલ્લવ વગેરેથી ભરપૂર રહેનારા વૃક્ષોની ઘાટી છાયાવાળું વૃંદાવન, ખૂબ જ આનંદ આપવા માંડ્યું. બલભદ્ર પણ આ કાર્યથી ખૂબ જ આનંદિત થઈ ગયા. શ્રીકૃષ્ણ ગાયોને ચરાવવા જતાં ત્યારે વનના તે પ્રદેશમાં પ્રવેશતાં જ વાંસળી વગાડતા. ગોપ બાળકો, ગોપીઓ અને રાધાજી પણ તેમની સાથે જ રહેતાં.

અલગ અલગ જગ્યાઓએ રાતા પાંદડાંવાળા તથા ફળ અને પુષ્પોના બોજાથી નમેલી શાખાઓવાળાં વૃક્ષો તથા ગુંજારવ કરતા ભ્રમરોને અને નૃત્ય કરતા મયૂરો વગેરેને જોઈને શ્રીકૃષ્ણે આનંદના ઉભરાથી બળરામને કહ્યું, “દાઉ, આપ અમારા બધાથી શ્રેષ્ઠ છો. દેવતાઓ પણ આપના ચરણકમળની પૂજા કરે છે. જુઓ આ વૃક્ષો જડ હોવા છતાં પણ સદગૃહસ્થની જેમ આપની પાસે ફળ, પુષ્પ વગેરે સામગ્રી હાજર કરી આપના ચરણમાં પ્રણામ કરી આપનું આતિથ્ય કરતા હોય તેવું જણાય છે. ભ્રમરો ગુંજારવથી, મયૂરો નૃત્યથી અને કોયલો ટહુકારૂપી શબ્દોથી આપનું સન્માન કરતા હોય તેવું જણાય છે. પૃથ્વી પણ આપના ચરણોના સ્પર્શથી રોમાંચિત થઈ ખડના અંકુરોને પ્રગટ કરતી હોય તેવું જણાય છે. હરીણીઓ પણ પ્રેમ ભરેલા અવલોકનોથી આપના દર્શનનો આનંદ પામતી હોય તેવી દેખાય છે”.

આવી આવી અનેક પ્રકારની પ્રસંગોપાત વાતો કરતા શ્રીકૃષ્ણ બળરામને, સર્વે ગોવાળિયાઓને તથા રાધાજી સહિત તમામ ગોપીઓને પરમ આનંદ આપવા માંડ્યા. કોઈ વખત રાધાજી સાથે ઝૂલે ઝૂલતા. કોઈ વખતે રમીને, ક્રીડા કરીને થાકી ગયેલા અને અન્ય ગોવાળના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયેલા બળદેવની પોતે પગચંપી કરતા. કોઈ વખતે પોતે મલ્લયુધ્ધના શ્રમથી થાકી જઈ વૃક્ષની નીચે પાંદડાંઓની બનાવેલી શય્યા પર પોઢીને બીજાં બાળકોની પાસે પગચંપી કરાવતાં તથા પાંદડાંઓનો પંખો બનાવી તેનાથી પવન નંખાવતા હતા. શ્રીકૃષ્ણ કે જેમના પગ શ્રીલક્ષ્મીજી દબાવે છે તે પોતાની શક્તિનો વિસ્તાર કરીને એક બાળકના રૂપમાં (એટલે કે ગોપ બાળક તરીકે) તેમના પગ દબાવતા. શ્રીકૃષ્ણ જે ગાયોને ચરાવતા હતા તે ગાયોના અલગ અલગ નામ પણ પાડ્યાં હતાં. શ્રીકૃષ્ણનો બોલાવવાનો અવાજ સાંભળીને આ ગાયો તરત દોડી આવતી અને શ્રીકૃષ્ણ સહિત તમામ મિત્રો આનંદ ઉઠાવતા. કહેવાય છે કે ભગવાન જયારે નામ લઈને બોલાવે છે ત્યારે તે વ્યક્તિના સાધ્યો સિદ્ધ થઈ જાય છે.

(ક્રમશઃ)

> **કોઈ વખતે રમીને, ક્રીડા કરીને થાકી ગયેલા અને અન્ય ગોવાળના ખોળામાં માથું મૂકીને સૂઈ ગયેલા બળદેવની પોતે પગચંપી કરતા કોઈ વખતે પોતે મલ્લયુધ્ધના શ્રમથી થાકી જઈ વૃક્ષની નીચે પાંદડાંઓની બનાવેલી શય્યા પર પોઢીને બીજાં બાળકોની પાસે પગચંપી કરાવતાં તથા પાંદડાંઓનો પંખો બનાવી તેનાથી પવન નંખાવતા હતા. શ્રીકૃષ્ણ કે જેમના પગ શ્રીલક્ષ્મીજી દબાવે છે તે પોતાની શક્તિનો વિસ્તાર કરીને એક બાળકના રૂપમાં તેમના પગ દબાવતા**